INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૪-૧-૨૦૨૬

- **"કમિશન આપો, ટેન્ડર મેળવો", "ચંદા દો... ધંધા લો..." ભાજપાના મોડેલનું સત્ય ઉજાગર કરતું સૂરત જિલ્લાની પાણીની ટાંકીના કોન્ટ્રાક્ટર ભાજપાના અનેક પૈકીના એક ફંડ મેનેજર.**
- **ભાજપના ભ્રષ્ટાચારી રાજમાં ૨૧ કરોડના ખર્ચે નવનિર્મિત પાણીની ટાંકી પડી: કોન્ટ્રાક્ટર જયન્તી સુપર કન્સ્ટ્રક્શન દ્વારા વિવિધ બેંકોના ચેકથી ભાજપાને મોટા નાણાં ભેટ ધરાયા.**
- **વારંવાર પુલ તુટવા, વારંવાર પેપર ફુટવા એ ભાજપના ભ્રષ્ટાચારના બેનમુન નમૂના છે.**
- **કોંગ્રેસના શાસનમાં ૬૦ વર્ષ પહેલા બનેલી પાણીની ટાંકીને તોડવા માટે જેસીબી કામે લગાવવુ પડ્યું, તેવુ મજબુત બાંધકામ જ્યારે ભાજપા શાસનમાં નવી બનેલી પાણીની ટાંકી ચકાસણી સમયે જ તુટી પડી.**

"કમિશન આપો, ટેન્ડર મેળવો", "ચંદા દો... ધંધા લો..." ભાજપાના મોડેલનું સત્ય ઉજાગર કરતું સૂરત જિલ્લાની પાણીની ટાંકીના કોન્ટ્રાક્ટર ભાજપાના અનેક પૈકીના એક ફંડ મેનેજર. હોવાનો પર્દાફાશ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપના ભ્રષ્ટાચારી રાજમાં ૨૧ કરોડના ખર્ચે નવનિર્મિત પાણીની ટાંકી તુટી પડી જેના કોન્ટ્રાક્ટર જયન્તી સુપર કન્સ્ટ્રક્શન દ્વારા વિવિધ બેંકોના ચેકથી ભાજપાને મોટા નાણાં ભેટ ધરાયા છે. મળતી માહિતી મુજબ કોન્ટ્રાક્ટર જયન્તી સુપર કન્સ્ટ્રક્શન દક્ષિણ ગુજરાતમાં કરોડો રૂપિયાના અધધ કામ પણ ભાજપાના આશીર્વાદથી કરી રહ્યાં છે....! ભાજપાના શહેર-જિલ્લા-ગામોનો વિકાસ થાય કે ન થાય ભાજપાના નેતાઓના વિકાસ પૂરપાટ ગતિએ થઈ રહ્યો છે. સમગ્ર રાજ્યની ભાજપા શાસિત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયત સહિતની સંસ્થાઓ વિકાસના નામે મોટા કાંડ અને કૌભાંડનો ભોગ સ્થાનિક નાગરિકો બની રહ્યાં છે. ભાજપાના ભ્રષ્ટાચારના ભોરિંગે નિર્દોષ નાગરિકોના ભોગ લીધા. સુરત તક્ષશીલાકાંડ, વડોદરા હરણી બોટ કાંડ, મોરબી ઝુલતા પુલ કાંડ અને રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિકાંડે ભ્રષ્ટાચારમાં ગળાડુબ ભાજપા શાસકોના ભયમુક્ત ભ્રષ્ટાચાર ખુલ્લો પડયો જેનો ભોગ નિર્દોષ બાળકો અને નાગરિકો બન્યાં. ગુજરાતમાં વિકાસના મોટા મોટા દાવા કરતી ભાજપા શાસનમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારને "કેગ" ઉજાગર કરે અથવા તો નામદાર વડી અદાલત ફટકાર લગાવે તેમ છતાં તંત્ર સુધરવાનું નામ લેતું નથી. ભાજપાએ જે રીતે કોઈ પણ વિકાસ કામ માટે કમલમ કમિશનની વ્યવસ્થા ઉભી કરી છે જેને લીધે રાજ્યના નાગરિકોની મૂળભુત ફરિયાદો પણ ધ્યાને લેવામાં આવતી નથી અને એટલે જ અનેક જગ્યાએ ભયમુક્ત ભ્રષ્ટાચારના ભોરીંગથી માનવસર્જિત આપત્તિ સર્જાય છે, જેનો તમામ નાગરિકો ભોગ બની રહ્યાં છે.

ગુજરાતમાં બ્રિજ અકસ્માત / બાંધકામ તૂટવાની વારંવાર બનતી ઘટનાઓને પરિણામે ગુજરાતના લાખો નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે, તેમ છતાં ભાજપ સરકારનું સમગ્ર ઘટનામાં ગુનાહિત મૌન ચિંતાજનક છે. ભાજપ સરકારના "ભ્રષ્ટાચારી મોડલ" થી ગુજરાતના સામાન્ય નાગરિકો પરેશાની ભોગવી રહ્યા છે. કંપની પાસેથી કરોડો રૂપિયાનું ચૂંટણી ફંડ લેતી ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોની સલામતીને નેવે મૂકીને માત્ર ચૂંટણી ફંડ મેળવવા માટે રસ હોય તેમ જણાઈ રહ્યું છે. દરેક દુર્ઘટના પછી "સબ સલામતના દાવા" અને "ચમરબંધીને છોડવામાં નહિ આવે" તેવી મોટી મોટી વાતો કરી રહી છે. ભાજપ સરકારના ભયમુક્ત ભ્રષ્ટાચારના કારણે વારંવાર બનતી દુર્ઘટનામાં નિર્દોષ નાગરિકો જીવ ગુમાવી રહ્યાં છે. આ પ્રકારની ગંભીર દુર્ઘટના રોકવા જાહેર બાંધકામની ગુણવત્તા, જાળવણી માટે ભાજપ સરકાર ભ્રષ્ટાચારી વ્યવસ્થામાંથી બહાર આવે જેથી આવી વારંવાર દુર્ઘટના અટકાવી શકાય.

કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે, રાજ્યમાં છેલ્લા ૨૦ વર્ષમાં ભાજપ શાસિત નગરપાલિકા, મહાનગરપાલિકા અન્ય સરકારી જાહેર સંસ્થાઓમાં વિકાસના નામે કરોડો રૂપિયાના ટેન્ડરો 'ચંદા દો... ધંધા લો...' ના સુનિયોજીત લૂંટ મોડલની પારદર્શક તપાસ કરવામાં આવે તો વિકાસ કોનો થયો ? તે ગુજરાત અને ગુજરાતીઓ સમક્ષ ખુલ્લુ પડશે.



(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા